## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




યાદશક્તિ જતી જ રહે ને ? જો આ મગજનો એક્સ-રે, અડધુ મગજ ઈ-મેઈલ આઈડીએ અને અડધુ પાસવર્ડે રોકી રાખ્યું છે...!!!

# વરસાદ ખેંચાતા ખેડુતો ચિંતિત

## ચિલોડા પંથકમાં મગફળી, કપાસ, જુવાર સહિતની ખેતી માટેની તૈયારી કરીને વાવેતરના શ્રીગણેશ કરાયા છે ત્યારે વરસાદ ખેંચાતા સમગ્ર ખેડૂત આલમ ભારે ચિંતામાં

ચિલોડા, તા.૨૬

વિધિવત ચોમાસાની સિઝનની શરુઆત થઈ ગઈ છે. પરંતુ વરસાદની સમયસર પધરામણી ના થતા ચિલોડા પંથકમાં ખેડુતોમાં ચિંતાનું મોજુ પ્રસરી જવા પામ્યું છે. જો કે ચિલોડાની આસપાસના વિસ્તારમાં વરસાદી ઝાપટા થવા પામ્યા છે પરંતુ ચિલોડામાં વરસાદી વાતાવરણ ન જામતા ખેતીના પાક અંગે જગતના તાતમાં નિરાશા જોવા મળી રહી છે.

જૂન માસના અંતિમ દિવસો પછી ગુજરાતમાં કેટલાક સ્થળોએ ચોમાસુ શરુ થવાના એંધાણ વર્તાઈ રહ્યા છે. જેમાં ૨૦ જૂન પછી પણ મેઘરાજા હળવા છાંટા સિવાય પોતાનો અસલી મિજાજ ન બતાવતાં પ્રજાજનોમાં નિરાશા છવાઈ છે. ચિલોડા પંથકમાં મગફળી, કપાસ, જુવાર સહિતની ખેતી માટેની પુરેપુરી તૈયરીઓ કરી વાવેતરના શ્રી ગણેશ કરી ચુકયા છે. હવે ખેડુત વર્ગ વરસાદની ચાતક નજરે રાહ જોઈ રહ્યો છે. વરસાદ મનમુકીને ન વરસતા માત્ર છુટાછવાયો પડી રહ્યો છે. ખેડુતો પિયત દ્વારા પાકને બચાવવા મથામણ કરી રહ્યા છે.

વાવેતર બળી જવાની શકયતાઓ સેવાઈ રહી છે. અસહ્ય બફારા વચ્ચે વાદળછાયા વાતાવરણથી વરસાદની અપેક્ષા રાખતા ધરતીપુત્રોને વરસાદ હાથતાળી આપતા ચિંતાતુર બન્યા છે. ચોમાસાના પાણી પર નિર્ભર ખેડુત વર્ગ સારા વરસાદની અપેક્ષાએ ખેતરોમાં વાવેતરની તમામ કામગીરી કરી ચુક્યો છે. બસ વરસાદની રાહ જોતો ખેડુત દસ દિવસ વિતી ગયા છતા સારા વરસાદ થશે તેવા અનુમાનો લગાવી રહ્યો છે. ચિલોડા પંથકના ખેડુતો ધમાકેદાર વરસાદની એન્ટ્રી થાય તેની રાહ જોઈને બેઠા છે.



## ખૂણે ખાંચરેથી...

- મહાનગર પાલિકાની સ્થાયી સમિતિની બેઠક આજે મળશે.
- ગાંધીનગર શહેરની આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં આકાર પામી રહેલ સોસાયટીઓના માર્ગોની દુરસ્તી ન થતાં રહીશોમાં કચવાટની લાગણી જોવા મળી રહી છે.
- ગાંધીનગર શહેરમાં ડેન્ગ્યુ ફેલાવતા મચ્છર એડીસના સૌથી વધુ પોરા બાંધેલા પક્ષીકુંજમાંથી મળી રહ્યાનું આરોગ્યતંત્ર કહી રહ્યુ છે.
- ગાંધીનગર શહેરની સરકારી કચેરીઓના ધાબાઓની સફાઈ માટે હેવ ખાનગી એજન્સીને કામગીરી સોંપવામાં આવી છે.
- આ મહિનાના અંતે જિલ્લામાં સૌથી વધુ કર્મચારીઓ નિવૃત્ત થશે.
- જિલ્લાની સરકારી અને અનુદાનિત શાળાના આચાર્યોની ખાલી જગ્યાઓ ૫૦થી વધુ હોવાથી શિક્ષણ પર અસરો પડી રહી હોવાની વાતે ભારે ચર્ચા જગાવી છે.
- જિલ્લાતંત્ર દ્વારા આગામી દિવસોમાં સરકારી વેરાઓની વસુલીનુ ખાસ અભિયાન હાથ ધરવાનું આયોજન તૈયાર કરવામાં આવી રહ્યું છે.

# શહેર-જીલ્લા યુવક કોંગ્રેસ દ્વારા મોંઘવારીના પુતળાનુ દહન



ગાંધીનગર, તા. ૨૬

ગુજરાત કોંગ્રેસ દ્વારા કારમી મોઘવારી અને અસહ્ય ભાવવધારા સામે દેખાવો યોજવાના રાજયવ્યાપી કાર્યક્રમો આપ્યા છે જેના ભાગરૂપે ઘ-૫ ખાતે શહેર-જીલ્લા યુવક કોંગ્રેસ દ્વારા મોઘવારીના પુતળાનું દહન કરાયું. જે પ્રસંગે ગુજરાત કોંગ્રસના પંચાયત વિભાગના ચેરમેન હરિભાઈ ચૌધરી, પ્રદેશ મહામંત્રી નિશીત વ્યાસ, જીલ્લા કોંગ્રસ પ્રમુખ સૂર્યાસિંહ ડાભી, યુવક કોંગ્રસ પ્રમુખ ભાવેશ દેસાઈ, જયરાજસિંહ વાઘેલા, અંકિત બારોટ, હર્ષજિત પંડયા, વિષ્ણુભાઈ પટેલ, સંજય પટેલ, અશોકસિંહ ગોહેલ, મફાજી ઠાકોર, અશ્વિન દવે સહિત મોટી સંખ્યામાં યુવક કોંગ્રસના કાર્યકરો ઉપસ્થિત રહી મોઘવારી વિરોધમાં સુત્રોચ્ચાર કરી મોઘવારીના પુતળાનું દહન કર્યુ હતું.

વધુમાં જીલ્લા કોંગ્રેસે જણાવ્યું છે કે ૨૭મી જુને પેટ્રોલ તથા ડીઝલના તોતિંગ ભાવવધારા સામે વિરોધ કરવા ગાંધીનગર, કલોલ, દહેગામ,માણસા, પેથાપુર ખાતે પેટ્રોલ પંપો સામે બેનરો અને પ્લેકાર્ડ સાથે દેખાવો યોજવા માટે સૌ કોંગ્રેસ કાર્યકરો આગેવાનોએ પોતાના તાલુકા મથકે સમયસર અચૂક ઉપસ્થિત રહેવા જીલ્લા કોંગ્રેસ પ્રમુખે અનુરોધ કર્યો છે.

# અમદાવાદમાં આપઘાતના બનાવમાં ચિંતાજનક રીતે થયેલો વધારો

અમદાવાદ, તા.૨૬

અમદાવાદ શહેરના લોકોની બદલાયેલી લાઈફ સ્ટાઈલ અને જીવનમાં વધેલા તણાવ સહીતના અન્ય કારણોને લઈ શહેરમાં છેલ્લા કેટલાક સમયથી આત્મહત્યા કરવાના બનાવોમાં ચિંતાજનક રીતે વધારો થયેલો જોવા મળી રહ્યો છે. તેમાં પણ શહેરમાં નદીમાં ઝંપલાવી આત્મહત્યા કરવાના બનાવોમાં ૨૨ જુન સુધી કુલ ૨૪ લોકોએ પોતાની જિંદગીનો અંત આણ્યો છે. ૨૨ જુન સુધીમાં ૨૧ પુરુષ અને ત્રણ સ્ત્રી મળીને કુલ ૨૪ લોકોના મૃતદેહ નદીના વિવિધ વિસ્તારોમાંથી મળી આવ્યા હતા.

# ચોરીના એકટીવા સાથે રાયપુર સર્કલથી એક શખ્સ પકડાયો

## ગાંધીનગર એસ.ઓ.જી.ની ટીમે વાહન ચેકીંગ દરમિયાન નંબર પ્લેટ વગર ફરતા એકટીવા ચાલકને પકડતા વાહન ચોરીનો ભેદ ઉકેલાયો

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર એસ.પી. વિરેન્દ્રસિંહ યાદવની સુચનાથી ગાંધીનગર એસ.ઓ.જી. પી.એસ.આઈ. એમ.આર. પુવાર તથા તેમની ટીમ ડભોડા નજીક આવેલા રાયપુર સર્કલ પાસે વાહન ચેકીંગ કરી રહી હતી તે દરમિયાન એક નંબર પ્લેટ વગરનું એકટીવા લઈને યુવાન નીકળ્યો હતો. શંકા જતા તેને પકડીને ટીમે પુછપરછ કરતા નરોડા વિસ્તારનો કલ્પેશ દિપક પટેલ હોવાનું જાણવા મળ્યું હતું. વાહનના કાગળો માંગતા સંતોષકારક જવાબ આપી ન શકતા એકટીવા ચોરીનું અથવા ગેરકાયદેસર રીતે મેળવેલું હોવાનું જણાતા એકટીવા કબ્જે કરી આરોપીની ધરપકડ કરી છે. તપાસ કરતા આ એકટીવા ફેબ્રુઆરી ૨૦૧૬માં પાંચમી તારીખે નિકોલ પોલીસ સ્ટેશનની હદમાંથી ચોરી થયેલું હોવાનું ધ્યાને આવતા આરોપી અને મુદ્દામાલ નિકોલ પોલીસને સોંપવા તજવીજ શરુ કરવામાં આવી છે.

# મુખ્યમંત્રી કન્યા કેળવણી નીધિમાં ચોપન હજારનો ચેક અર્પણ કર્યો

## અધિકારીઓએ આગામી સમયમાં પાંચ વૃક્ષો વાવીને ઉછેર કરવાનો સંકલ્પ કર્યો હતો

ગાંધીનગર, તા.૨૬

ગુજરાત રાજયના મુખ્યમંત્રીએ રાજયના ૫૪ ડેપ્યુટી કલેકટરોને તાજેતરમાં જાહેરનામું પ્રસિધ્ધ કરીને અધિક કલેકટર તરીકે બઢતી આપવામાં આવી છે.આ બઢતી પામેલા ૫૪ અધિક કલેકટરો પૈકી ૨૫ જેટલા અધિક કલેકટરો ઉપસ્થિત રહીને તા.૧૪-૬-૧૬ના રોજ મુખ્યમંત્રીની શુભેચ્છા મુલાકાત લીધી હતી. જેમાં મુખ્યમંત્રી સાથે વાતચીત કરીને કન્યા કેળવણી નિધીમાં યથાશકિત મુજબ રૂ.૫૪૦૦૦નો ચેક અર્પણ કર્યો હતો. જયારે અધિકારીઓએ આગામી સમયમાં પર્યાવરણને અનુલક્ષી પાંચ વૃક્ષો વાવીને ઉછેર કરવાનો સંકલ્પ કર્યો હતો. તેમજ આંગણવાડીના બાળકો માટે પોષણયુકત આહાર માટે ફળોની ટોપલી અર્પણ કરી હતી.



ડ્રગ, દૂષણ અને માનવ તસ્કરી સામેના આંતરરાષ્ટ્રીય દિનની ઉજવણી બીએસએફ ગાંધીનગર કેમ્પસ ખાતે કરવામાં આવી હતી. આ અવસરે સાયકલ રેલી સહિતના વિવિધ કાર્યક્રમો યોજાયા હતા.

# ચિલોડામાં દેશી દારુ બંધ કરાવવા ઠાકોર સેના દ્વારા પોલીસને આવેદનપત્ર

## દારુના અડ્ડા બંધ નહી થાય તો જનતારેડ કરવામાં આવશે...ક્ષત્રિય ઠાકોર સેના

ચિલોડા, તા.૨૬

ગાંધીનગર નજીક આવેલ ચિલોડામોટા ખાતે ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેના દ્વારા ચિલોડા વિસ્તારમાં ચાલતા દારુના અડ્ડા તેમજ દારુનું ધુમ વેચાણ બંધ કરાવવા પોલીસને આવેદનપત્ર પાઠવી રજુઆત કરવામાં આવી છે.

ચિલોડા વિસ્તારના ઈન્દિરાનગર તેમજ હિંમતનગર તરફના રોડ પર આવેલ તળાવ કાંઠેના વસવાટમાં દેશીદારુનું ધુમ વેચાણ થઈ રહ્યું છે. દારુના દુષણને પગલે યુવાધન બરબાદ થઈ રહ્યું છે. દારુની બદી થી યુવાનોના પરિવારજનો હેરાન પરેશાન થઈ ગયા છે. ત્યારે ચિલોડા વિસ્તારમાં આવેલા અડ્ડાઓ તાત્કાલિક બંધ થાય તે અંગે ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેના અને જાગૃત ગ્રામજનો દ્વારા ચિલોડા પોલીસને લેખીતમાં આવેદનપત્ર આપી રજુઆત કરવામાં આવી છે. તેમજ ચિલોડ વિસ્તારમાં અડ્ડાઓ બંધ નહી થાય તો ક્ષત્રિય ઠાકોર સેનાના યુવાનો દ્વારા જનતારેડ કરવામાં આવશે અને તે દરમિયાન અડ્ડાવાળા જો કોઈ યુવાન પર હુમલો કરશે તો તેની સંપૂર્ણ જવાબદારી ચિલોડા પોલીસની રહેશે તેવી ચિમકી ઠાકોર સેના દ્વારા ઉચ્ચારવામાં આવી છે. જયારે દારુના અડ્ડાઓ બંધ કરાવવા ઘટતી કાર્યવાહી કરવા રજુઆત કરી છે.

# ‘બહેન’ની ટ્રાન્સફર પાર્ટ-૨ ફોર્મ્યુલામાં સિનિયર IAS ઓફિસરોની ચોંકાવનારી ફેરબદલ નિશ્ચિત




ગુજરાતના વહીવટી તંત્રમાં ફેરબદલ થયા એ પહેલો તબક્કો છે, બીજો તબક્કો જુલાઈના અંતમાં અથવા તો ઓગષ્ટના પહેલા સપ્તાહમાં આવી રહ્યો છે. બીજા તબક્કામાં પણ ૩૦થી વધુ સિનિયર આઈએએસ ઓફિસરોની બદલીઓ તોળાઈ રહી છે. એ સાથે પ્રમોશનની પણ મોસમ શરૂ થાય છે. બીજા તબક્કામાં જે ઓફિસરો બદલાઈ રહ્યાં છે તેમાં સિનિયર મોસ્ટ અરવિંદ અગ્રવાલ, પી.કે.તનેજા, પંકજ કુમાર, કે.શ્રીનિવાસ, અનિલ મુકીમ સહિતના ઓફિસરોનો સમાવેશ થાય છે. સરકાર બોર્ડ-કોપીરેશનમાં પણ ડ્રામેટિકલ બદલાવ કરી શકે છે. સચિવાલયના સૂત્રોએ કહ્યું હતું કે બીજા તબક્કાની બદલીમાં પણ ચોંકાવનારી નિમણૂકો થાય તો નવાઈ પામવા જેવું નહીં હોય, કારણ કે વાયબ્રન્ટ ઈન્વેસ્ટર્સ સમિટ અને વિધાનસભાની ચૂંટણી આવી રહી છે. આનંદીબહેન પટેલની સરકાર માનિતા અધિકારીઓને પ્રાઈમ પોસ્ટીંગ અને અણમાનિતા ઓફિસરોને સાઈડ પોસ્ટીંગ આપી શકે છે. સીએમઓમાં કામ કરતા આઈએએસ ઓફિસરો પૈકી એકની બદલી થવાના ચાન્સ પણ વધી ગયા છે.

## ભાજપ સરકાર લોકપ્રિય થવાના પગલાં કેમ ભૂલી ગયું, ભૂતકાળ જુઓ ...

**ચીજવસ્તુના રાતોરાત ભાવ વધી જાય છે...**

ભાવ નિયંત્રણમાં કેન્દ્ર અને રાજ્ય સરકાર સદંતર નિષ્ફળ નિવડી છે. વેપારીઓ અને ઉત્પાદકો રાતોરાત ભાવવધારી દેતાં અચકાતા નથી. જે ચીજવસ્તુ મહિના પહેલાં ૬૫ રૂપિયામાં ખરીદી હોય તે ચીજવસ્તુના ભાવ આજે ૭૫ રૂપિયા ચૂકવવા પડે છે. એક મહિનામાં સીધો ૧૦ રૂપિયાનો ભાવવધારો થઈ ચૂક્યો હોય છે છતાં સરકાર ચૂપ છે અને લોકો ખરીદી કરતા રહે છે. અનાજ, શાકભાજી, તેલ અને દુધના ભાવવધારાની ખબર પડે છે પરંતુ કોસ્મેસ્ટીક આઈટમો, હોટલના મેનૂ, મોબાઈલના બીલ, દવાઓ, રસોડાની સામગ્રી, ક્રોકરી અને ઈત્યાદિ ચીજવસ્તુના ભાવ મહિનામાં જ બદલાઈ જાય છે. હોટલના મેનૂમાં સર્વિસ ટેક્સ અલગથી વસૂલવામાં આવે છે છતાં મેનૂની આઈટમોમાં ભાવવધારો રાતોરાત બદલાય છે. બે વર્ષ પહેલાં અમદાવાદમાં ગુજરાતી થાળી ૧૫૦ રૂપિયામાં મળતી હતી આજે તેના ભાવ ૨૫૦થી ૩૫૦ થઈ ચૂક્યાં છે. ક્યાં છે ભાવ નિયંત્રણ ?!!...

**‘ભાજપ’ને ચૂંટણી જીતવી હોય તો આ કરો...**

મોબાઈલ એપ્લિકેશનનો જમાનો છે. લોકોનો રોષ કેવો છે તે જાણવું હોય તો મોંઘવારી સામે ચાલતા આંદોલનની પબ્લિક સામે નહીં જુઓ, કારણ કે લોકો પાસે હવે આંદોલનમાં જોડાવાનો સમય નથી. મોબાઈલ એપ્સ બનાવી દો, પછી જુઓ કેટલી કમ્પ્લેઈન આવે છે. સરકારે પબ્લિક સાથે સીધો સંપર્ક હોય તેવા વિભાગોમાં મોબાઈલ એપ્સ બનાવીને લોકોની ફરિયાદોનું નિરાકરણ કરવું જોઈએ. આનંદીબહેન પટેલને ભાજપની સરકાર પાછી લાવવી હોય તો તેમણે હોમ, મહેસૂલ, શહેરી વિકાસ, મહિલા અને બાળકલ્યાણ, પંચાયત, આરોગ્ય તેમજ ગ્રાહક સુરક્ષાની બાબતોમાં કમ્પલેઈન મોબાઈલ એપ્સ બનાવવી જોઈએ કે જેમાં ગ્રાહકો લૂંટાયા હોય કે ક્યાંય અન્યાય થયો હોય તો તેનો સીધો રસ્તો નિકળી શકે. જો આમ થશે તો ભ્રષ્ટાચાર ઓછો થશે. લોકોને ન્યાય મળશે અને લૂંટફાટ ચલાવતા લોકો સીધી દોર થઈ જશે. સરકારે ફાઈલોમાંથી બહાર આવીને લોકોની ભલાઈ માટે આટલું કરવું જોઈએ, જો તેમ થાય તો ૨૦૧૭માં ભાજપની સરકારને બનતાં કોઈ અટકાવી શકશે નહીં.

**ચોંકાવનારૂં સત્ય- પુત્રની શાદીમાં પિતાની વ્યથા...**

પુત્રની શાદી કરનારા એક પિતાની વ્યથા સાંભળવા જેવી છે. દિકરાની ધામધૂમથી શાદી કરી નાંખી અને ૧૦ લાખનો ખર્ચ કર્યો. સામેપક્ષે પણ ૧૦ લાખનો ખર્ચ થયો. શાદીના છ મહિના પછી નોકરી કરતા નવયુગલ વચ્ચે તકરાર થવા લાગી. ‘મારે તારી સાથે રહેવું નથી’ ‘એમ કહીને કન્યા ઘર છોડી બધાં દાગીના લઈને નિકળી ગઈ, પછી ડાયવોર્સની નોટીસ મોકલી’ ખુલ્લા દિલના પિતાએ તેના દિકરાની સહી કરાવી આપી અને બન્ને છૂટા થઈ ગયા. હવે સવાલ એ આવે છે કે દિકરાના બીજા લગ્ન માટે પિતા પાસે ૧૦ લાખ રૂપિયા નથી. તેણે દિકરાને સમજાવ્યો, કે ‘બેટા, દેવું કરીને બીજા લગ્ન પોસાય તેમ નથી તેથી સાદાઈથી લગ્ન કરો તો સારૂં..’ દિકરો સમજું હતો, કહે- ‘પાપા, ચિંતા ન કરશો. હું સાદાઈથી લગ્ન કરીશ.’ પિતાની આંખમાં આસું આવી ગયા. આ પિતાએ અન્ય મા-બાપ માટે ચોંકાવનારી પરંતુ વર્તમાન સમાજમાં આવશ્યક એવી એક સલાહ આપી છે-“દિકરા કે દિકરીની શાદી સાદાઈથી કરો, ચાલ્લાનો મોહ ન રાખો, લગ્નજીવન એક વર્ષ ટકે તે પછી જેટલી ધામધૂમથી રિસપ્શન કરવું હોય એટલું કરો. હા, જેટલો ખર્ચ કરવા માગો તે બન્ને યુગલના નામે બેન્કમાં ફિક્સ કરી દો’’ આ પિતાની હૈયાવેદના આજના સમાજને સ્પશી જાય તેવી છે. સચ્ચાઈનો રણકો છે...

## પાપા, ચિંતા ન કરો, ખર્ચાની મને ખબર છે, હું સાદાઈથી લગ્ન કરીશ...

**કેશુભાઇની સરકારની લોકપ્રિય સિદ્ધિ...**

ગુજરાતમાં ૧૯૯૫માં કેશુભાઈ પટેલની સરકાર હતી ત્યારે તે સરકારનું જમાપાસું એ હતું કે લોકપ્રિય થવા માટે હોમ ડિપાર્ટમેન્ટે કમ્પલેઈન માટે ફોન સર્વિસ શરૂ કરી હતી અને તત્કાલિન ગૃહમંત્રી હરેન પંડ્યાની ઓફિસની બહાર કમ્પલેઈન ડ્રોપબોક્સ મૂક્યું હતું. પ્રધાન જાતે બોક્સ ખોલતા અને પ્રશ્નો કે કમ્પલેઈનનો નિકાલ કરતા હતા. માર્ગ-મકાન પ્રધાન સવજી કોરાટ જાતે સ્કૂટર ઉપર જઈને રેઈડ પાડતા હતા. બીજી તરફ ગ્રાહક સુરક્ષાની હેલ્પલાઈન મોજૂદ હતી. ઈન્ટરનેટ અને સ્માર્ટફોનનું ચલણ ન હતું એટલે આ વિભાગના કમ્પલેઈન બોક્સ મૂકવામાં આવ્યા હતા અને દિવસ દરમ્યાન આવેલી ફરિયાદો પરથી જે તે વેપારી કે ઉત્પાદકને નોટીસ ઈસ્યુ કરવામાં આવતી હતી અને તેમના લાયસન્સ રોકી દેવામાં આવતા હતા. ગુજરાતમાં ગ્રાહક સુરક્ષા વિભાગ અને ગૃહ વિભાગ આજે હપ્તાબાજીમાંથી બહાર આવતો નથી. કોઈ વ્યક્તિ કમ્પલેઈન કરે તો કસૂરવાર સામે પગલાં લેવાની તસ્દી લેવામાં આવતી નથી પરંતુ સામે છેડેથી રૂપિયા લઈને કેસ સગેવગે કરી નાંખવામાં આવે છે.

## ભાજપના કાર્યકર કહે છે- ‘બચ્ચા હોગા તો સર્વિસ ટેક્સ ભરના પડેગા’ ...

**મોદીનું વતન ફરી વિશ્વના નકશામાં...**

ઉત્તર ગુજરાતમાં આવેલું વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું વતન વડનગર ફરીથી વિશ્વના નકશામાં આવી ગયું છે. ગુજરાત સરકાર રાજ્યમાં બૌદ્ધિષ્ઠ સરકીટ બનાવવા જઈ રહી છે ત્યારે આર્કિયોલોજીકલ સર્વે ઓફ ઈન્ડિયાએ ગુજરાતની પુરાતન નગરી વડનગરમાંથી બૌદ્ધ આશ્રમના અવશેષો શોધી કાઢ્યા છે. તાજેતરના ઉત્થનન દરમ્યાન બૌદ્ધ મુર્તિઓ તેમજ આશ્રમ હોવાના પુરાવા મળ્યા છે. આર્કિયોલોજીસ્ટ મધુલિકા સામન્થાએ કહ્યું છે કે આ જગ્યાએ કેટલાક સ્ટ્રક્ચર પણ મળ્યા છે જે બૌદ્ધ આશ્રમ હોવાનું સાબિત કરે છે. આ જગ્યાએ છ થી સાત મઠ હોવાની કોશિકાઓ શોધી કાઢવામાં આવી છે, જો કે તેની ઉપર મકાનો બની ગયા હોવાથી ઉત્થનન માટે લોકોનો સહયોગ માગવામાં આવ્યો છે. વડનગરના સંપૂર્ણ ઉત્થનન દરમ્યાન એએસઆઈને કુલ ૪૦૦૦ અવશેષો મળી આવ્યા છે અને તે અલગ અલગ ચાર પોઈન્ટ પર મોજૂદ હતા. ધાર્મિક વિધિ માટે ઉપયોગમાં લેવાતા સ્તૂપનો પણ તેમાં સમાવેશ થાય છે. વિવિધ ઉંમર સાથે જોડાયેલા ચાંદી અને તાંબાના ૧૨૦૦ સિક્કા પણ મળ્યા છે.

**અબ બચ્ચા પેદા હોગા તો સર્વિસ ટેક્સ...**

સામાન્ય જનતા ટેક્સના ભારણમાં દબાતી જાય છે. જેને લોન લીધી નથી તેને લોનના હપ્તા જેવું લાગે છે. કહેવાય છે કે રોજ નવી સવાર પડે ત્યારે મધ્યમવર્ગનો પરિવાર ૫૦૦ રૂપિયાનો ટેક્સ ભરે છે. આ રકમમાં સરકારી તમામ ટેક્સ આવી જાય છે. મધ્યમ વર્ગનું જીવન દોહ્યલુ બની રહ્યું છે. સરકાર કમાણીમાં મગ્ન છે. ઈન્કમટેક્સ, વેલ્યુ એડેડ ટેક્સ, સર્વિસ ટેક્સ, સેસ અને એક્સાઈઝનું ભારણ જે તે સેક્ટર પર નહીં સામાન્ય લોકો ઉપર પડે છે. મોંઘવારીએ માઝા મૂકી છે. પ્રત્યેક ચીજમાં ટેક્સ લેવાય છે. આવા માહોલમાં ભાજપના એક કાર્યકરે બહુ સરસ ટ્વિટ કરી છે. ભાજપના ૨૫ વર્ષ જૂના એક કાર્યકરે ટ્વિટ કરતાં કહ્યું છે કે “જો મધર બચ્ચા પેદા કરતી હૈ ઉસ પર સર્વિસ ટેક્સ લગના ચાહિયે, બેટી પેદા કરે તો ટેક્સ મેં સે મુક્તિ મિલની ચાહિયે..’’ વાત નાની છે પણ સમજણ મોટી છે. મધ્યમવર્ગ દેવાના ડુંગર નીચે દબાતો જાય છે. સરકાર તિજોરી ભરીને ખુશ થાય છે. વેરાના આંકડા જાહેર કરે છે પણ લોકો કેટલું લૂંટાયા તે જાહેર કરતી નથી.

**મોદી સરકારના આદેશ પછી સરકાર જાગી...**

ગુજરાતમાં ગુનાખોરીના પ્રમાણમાં વધારો થયો છે અને વસતીની સરખામણીએ પોલીસ મહેકમ નહીં હોવાથી કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ ચિંતા ઉપજાવે તેવી છે તેવો રિપોર્ટ મળતાં કેન્દ્રની મોદી સરકારે આદેશ કર્યો છે કે વસતીના પ્રમાણમાં પોલીસ સ્ટાફની ભરતી કરો અને ખાલી જગ્યાઓ ભરી દો. સરકાર હવે હિસાબ કરવા લાગી છે કે કેટલા પોલીસની ઘટ છે. પોલીસના આંકડા પ્રમાણે ગુજરાતમાં ૯૬૦૦૦નું પોલીસ મહેકમ જોઈએ પરંતુ હાલ ૭૧૦૦૦ જગ્યાઓ ભરવામાં આવેલી છે તેમ છતાં હાલની સ્થિતિએ ૨૫૦૦૦ ખાલી જગ્યાઓ ભરવાની બાકી છે. સરકારે તાજેતરમાં જ એવો આદેશ કર્યો છે કે પોલીસમાં ખૂટતી મહત્વની ૧૭૦૦૦ જગ્યાઓ ભરી દેવી. હવે તેની પ્રોસિજર ચાલી રહી છે. આ ભરતી કરવા છતાં પોલીસમાં ૮૦૦૦ જગ્યાઓ તો ખાલી જ રહેવાની છે.